ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# જિલ્લામાં ખરીફ વાવેતર વેગીલું બન્યું

## ખરીફ ઋતુના સરેરાશ વાવેતર વિસ્તારના ૨૫ ટકાથી વધુ વિસ્તારમાં વાવેતર સંપન્ન

ગાંધીનગર, તા. ૨૩

વાયુ વાવાઝોડાની અસર તળે જિલ્લામાં થયેલા સારા વરસાદને પગલે ખરીફ ઋતુના વાવેતરમાં વેગ આવ્યો છે. જમીનને અનુરૂપ ભેજ મળી જતાં ખેડૂતોમાં પણ ખુશીનો માહોલ જામેલો છે. જિલ્લામાં ખરીફ ઋતુનું અત્યાર સુધીમાં ૨૭,૨૭૯ હેક્ટર વિસ્તારમાં વાવેતર સંપન્ન થયું છે. ખરીફ ઋતુના સરેરાશ વાવેતર વિસ્તારના ૨૫ ટકાથી પણ વધુ થાય છે.

સારા વરસાદનો પગલે છેલ્લા એક સપ્તાહમાં જ ૧૨ હજાર હેક્ટર કરતાં વધુ વિસ્તારમાં વાવેતર વધવા પામ્યું છે. ખરીફ ઋતુમાં આ વખતે મગફળી, શાકભાજીના વાવેતર વિસ્તારમાં વધારો થવાની સંભાવનાઓ સાથે ઘાસચારાનું પણ સારું એવું વાવેતર થશે તેવા અંદાજો છે. કપાસના પાકમાં સરેરાશ વાવેતર જળવાઈ રહેશે તેવા અંદાજો હાલ મૂકવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત ડાંગર (ધરુ) તેમજ બાજરીનું વાવેતર પણ આ સપ્તાહ દરમિયાન જોવા મળ્યું છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં જે વાવેતર નોંધાયું છે તેમાં શાકભાજીના પાકોનું વાવેતર ૩૮૬૪ હેક્ટર વિસ્તાર કપાસનું વાવેતર ૧૨,૩૮૩ હેક્ટર વિસ્તાર, મગફળીનું વાવેતર ૨૧૯૨ હેક્ટર, ડાંગર (પિ) ૨૫ હેક્ટર તેમજ બાજરીનું વાવેતર ૧૪૭ હેક્ટર વિસ્તારમાં થયું છે. ઘાસચારાનું વાવેતર ૮૬૬૮ હેક્ટર વિસ્તારમાં થયું છે.

મળતી વિગતો પ્રમાણે હાલ જિલ્લામાં સૌથી વધુ વાવેતર માણસા તાલુકામાં જોવા મળી રહ્યું છે. માણસામાં ૭૭૬૮ હેક્ટરમાં ગાંધીનગરમાં ૬૯૯૨ હેક્ટરમાં, દહેગામમાં ૬૮૫૧ હેક્ટરમાં અને કલોલમાં ૫૬૬૮ હેક્ટર



વિસ્તારમાં વાવેતર થયું છે.

જિલ્લામાં આ વખતે પાક પેટર્નમાં બદલાવ જોવા મળી રહ્યો છે. કઠોળ પાકોનું વાવેતર ચોમાસુ વિધિવત્ બેસી ગયા પછી થશે તેમ મનાી રહ્યું છે. આ ઉપરાંત શાકભાજી અને મગફળીના વાવેતર વિસ્તારમાં આગામી દિવસોમાં વધારો જોવા મળશે. મગફળીના ઉત્પાદનથી ખેડૂતોને સારો એવો લાભ થયો હતો. તેથી ખેડૂતો તેના વાવેતરને લઈ ઉત્સાહમાં જોવા મળી રહ્યા છે.


હાલ બજારમાં શાકભાજીના ભાવે જે રીતે મળી રહ્યા છે તેને લઈ ખેડૂતો તેના તરફ આકર્ષાયા છે. ખેડૂતોએ આ વખતે પાક પેટર્નમાં બદલાવની સાથે સાથે પરંપરાગત ખેતીને બદલે આધુનિક ખેતીના સાધનોના વપરાશ માટે પણ ખેડૂતો ઉત્સાહિત બન્યા છે. જિલ્લામાં વિધિવત્ ચોમાસાનું આગમન આગામી સપ્તાહમાં દસ્તક દઈ દેશે તેમ મનાઈ રહ્યું છે.

ખેડૂતો આ વખતે સારા ચોમાસાની આશા રાખી રહ્યા છે. બીજી તરફ ખેડૂતોને માટે બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓ મળી રહે તે પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ હોવાનું ખેતીવાડી વિભાગના સૂત્રોમાંથી જાણવા મળે છે.

જિલ્લામાં ખરીફ ઋતુમાં ૧ લાખ ૪૦ હજાર હેક્ટર જેટલું વાવેતર થતું હોય છે અને હાલ ૨૭ હજાર હેક્ટર કરતાં વધુ થયું છે. અર્થાત્ ૨૫ ટકા કરતાં પણ વધુ વિસ્તારમાં વાવેતર સંપન્ન થઈ ગયું છે, જે નોંધનીય છે.

# ગાંધીનગરના અડધાથી વધુ ગ્રામીણ ઘરોમાં રસોઈ હજુ લાકડાંની આંચે

ગ્રામીણ ગાંધીનગરના કુલ પરિવારો પૈકી મોટા ભાગના પરિવારો ખેતી સાથે જોડાયેલા છે અને તેમના ઘરમાં રસોઈના બળતણ તરીકે લાકડાં અને ખેત ઉત્પાદનના બિન ઉપયોગી અવશેષોના વપરાશ કરે છે. ટકાવારીની દ્રષ્ટિએ આ પરિવારો ૬૭ ટકા જેટલા છે એટલે દર દસ પરિવારે છથી વધુ પરિવારો બળતણના લાકડાંની આંચે તૈયાર થયેલી રસોઈ જમે છે. આમ જોઈએ તો ખેતી સાથે જ મહદ્અંશે આ પરિવારો જોડાયેલા છે. જો આંકડાઓને આધારે સ્પષ્ટ જોઈએ તો ૧૦ ટકા પરિવારો જ બિન ઉપયોગી ખેત ઉત્પાદનના કચરાનો ઉપયોગ બળતણ તરીકે કરે છે. કદાચ ૬૭ ટકામાંથી મોટા ભાગના વધતે-ઓછે અંશે પણ પાક અવશેષનો




### ગામડાંઓમાં ગોબર ગેસ આજે પણ અસ્વીકાર્ય

વપરાશ કરતા હોય તો પણ એટલુ બળતણ તેમના માટે પૂરતું નથી એથી તેઓને જલાઉ લાકડા ઉપયોગમાં લેવા પડે છે. જે આપણે સ્વીકારીએ તો પણ આંકડા આપણને જુદી દિશામાં વિચારવા માટે પ્રેરિત કરે છે. જલાઉ લાકડા અને ખેત પેદાશનો કચરો વાપરનારાની ટકાવારી જોઈએ તો અનુક્રમે ૫૭ ટકા અને ૧૦ ટકા છે.

આંકડા દર્શાવે છે કે ગાંધીનગરની ગ્રામીણ વસ્તી પૈકીના અડધોઅડધ કરતા વધુ પરિવારો રસોઈ બળતણમાં લાકડાનો વપરાશ કરે છે. ખેતી, ખેતમજૂરી અને મજૂરી સાથે તેઓ જોડાયેલા હશે. જો આપણે પર્યાવરણના દ્રષ્ટિકોણથી વિચારીએ આ ઘરમાં રસોઈ માટે લાકડાં વાપરતાં પરિવારો તેમની રોજિંદી : જરૂરિયાત માટે કેટલા ઝાડ-પાન કાપતા હશે? એ વિચારવું જોઈએ.

જો આ પરિવારો ખેતી સાથે સંકળાયેલા હોય તો ખેતી સાથે પશુપાલન જોડાયેલું હોય છે. બળતણના એક વિકલ્પ તરીકે છાણાં મળી શકે ગાંધીનગરના ગ્રામીણ પરિવારો બળતણ તરીકે છાણાંનો વપરાશ કેટલો કરે છે એની માહિતી મેળવીએ તો તાગ એવો મળે છે કે માત્ર એક ટકા પરિવારો જ રસોઈ કાર્યમાં છાણાંનો ઉપયોગ કરે છે. જો પશુપાલન વ્યવસાયમાં છાણ ઉપલબ્ધ થતું હોય અને છાણાં નહીં બનાવતા ગોબર ગેસ માં તેનો વિનિયોગ કરીને વપરાશની વાત વિચારવામાં આવે તો ય સ્થિતિ એવી છે કે ગાંધીનગરમાં ગ્રામીણ વિસ્તારના માત્ર એક ટકા પરિવારો જ ગોબર ગેસ નો ઉપયોગ કરે છે. વૈકલ્પિક ઉર્જા તરીકે ગોબર ગેસનો વપરાશ સ્વીકાર્ય જ બન્યો નથી.

આમ પણ આજે ગાંધીનગર શહેર અને તેની આસપાસના ગુડા વિસ્તાર કે ગ્રામીણ વિસ્તારોમાં બિલ્ડીંગ કંસ્ટ્રકશન અને રસ્તાનેપહોળા બનાવવાના કામમાં જ્યારે અનેક લીલાછમ ઘેઘુર વૃક્ષોનું છેદન આંતરમાળખાકીય સુવિધા વિસ્તૃતિકરણના નામે થાય છે ત્યારે વૃક્ષ બચાવવાના લોક પ્રયાસો સાથે બળતણમાં લાકડાને ત્યજવા માટે પણ વિચાર કરવો પડે એમ છે. વૃક્ષો તો રસ્તા માટે પણ કપાય છે અને ઘરમાં રસોઈ બનાવવા માટે પણ કપાતા જ રહે છે, અને આડેધડ કપાય છે. આ પરિસ્થિતિ દૂર કરવી જ રહી. વૃક્ષ બચાવવાના લોક પ્રયાસો સાથે બળતણમાં લાકડાનો ઉપયોગ છોડવા

● અનુસંધાન પાન-૭ પર

# ધો. ૧ અને ૨ના બાળકોનું ત્રિમાસિક મૂલ્યાંકન યોજવા સરકાર મક્કમ

## શિક્ષણ વિભાગના મંથનમાં આ નવો અભિગમ અપનાવવા પર સ્પષ્ટ અભિપ્રાય : પરીક્ષાનો ભય બાળકમાંથી દૂર થશે અને ગુણવત્તાસભર શિક્ષણનો માર્ગ સરળ થશે

ગાંધીનગર, તા. ૨૩

રાજ્યમાં ગુણવત્તાસભર શિક્ષણની સાથે સાથે બાળકના મનમાં રહેલા પરીક્ષાના ભયને નાબુદ કરવા માટે ધો. ૧ અને ધો. ૨ ના બાળકોની ત્રિમાસિક પરીક્ષાઓ (મૂલ્યાંકન) યોજવાને લઈ શિક્ષણ વિભાગે ગંભીર વિચારણાઓ હાથ ધરી છે અને બજેટ સત્ર દરમ્યાન આ અંગે વિધિવત્ ઘોષણા થાય તેવી શક્યતાના નિર્દેશ પણ મળી રહ્યા છે.

રાજ્યમાં ધો. ૩ થી ૮ માં ગુણવત્તાસભર શિક્ષણ માટે એકમ કસોટીના નિર્ણય પછી હવે સરકાર હવે જુની પ્રથા મુજબ ધો. ૧ અને ધો. ૨ માં પણ ત્રિમાસિક પરીક્ષાનું આયોજન કરવા પર વિચારણા કરી રહી છે. આ માટે વિભાગ દ્વારા ખાસ મંથન પણ કરવામાં આવ્યુ હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે ધો. ૧માં પ્રથમ મહિનો મુક્ત શિક્ષણનો અભિગમ અપનાવી બાળકને શાળા તત્પર બનાવ્યા બાદ તેને હળવેકથી પરીક્ષાનું મૂલ્ય સમજાવવાની દિશામાં સરકારે આગળ વધવુ જોઈએ તેવુ મંથનમાં ઘણા બધાએ સૂચન કર્યુ હતુ.

એકમ કસોટીના સફળ પ્રયોગ પછી સરકારે ધો. ૩ અને ૫ માં વાર્ષિક પરીક્ષા યોજવા સાથેનો ડીટેશનનો અમલ મોકુફ રાખવાની ભલામણ પણ કેન્દ્ર સરકાર અને એન.સી.આર.ટી.ને કરી છે.

ધો. ૧ માં આમ તો ભાર વગરના ભણતર પર ધ્યાન કેન્દ્રીત કરવા માટે ખાસ કરીને કક્કો-બારાખડી ઉપરાંત અંક સમજૂતીને અગ્રતા અપાશે. કક્કો-બારાખડીના મૂળાક્ષરોની ઓળખની સાથે સાથે બાળકને શબ્દોની પણ ઓળખ મળશે આ બધી બાબતોનું ત્રિમાસિક

● અનુસંધાન પાન-૭ પર

# જળ સંચય અને જળ સંરક્ષણના કામોને મનરેગામાં અગ્રતા આપો : ડીડીઓ

ગાંધીનગર, તા. ૨૩

જિલ્લામાં આગામી દિવસોમાં મનરેગા અંતર્ગત જળ સંચય અને જળ સરંક્ષણના કામોને અગ્રતા આપવામાં આવે તેવો આગ્રહ ગ્રામ વિકાસ એજન્સીના ચેરમેન વ જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ એજન્સીની ગર્વનીંગ બોડીની બેઠકમાં સંબોધતાં કર્યો હતો.

તેમણે આ બેઠકને સંબોધતાં જણાવ્યુ હતુ કે આ બન્ને ખુબજ મહત્વના કામો છે. આ મુદે સુયોગ્ય સંકલન અને અમલીકરણ થાય એ સમયની માંગ છે. જિલ્લા વિકાસ અધિકારી રાવલે કહ્યુ હતુ કે મનરેગામાં લેબર બજેટ માટેના નિયમ ધોરણો કેટલાક કિસ્સામાં જળવાયા ન હોવાનું ધ્યાને આવ્યુ છે ત્યારે નિયમોને ચોકસાઈથી પાલન થાય તે અત્યંત જરૂરી છે.

તેમણે કહ્યુ હતુ કે મનરેગાનો મૂળભૂત હેતુ રોજગારી આપવાનો છે અને તેના માટે લેબર બજેટ નિર્ધારિત કરેલુ છે તેના નિયમોના અમલીકરણ સાથે ૧૦૦ ટકા સિદ્ધિ હાંસલ થાય તે જરૂરી છે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ બેઝલાઈન સર્વેમાંથી છુટી ગયેલા જે આવાસોમાં શૌચાલયોની સુવિધા નથી તે કામો આગામી

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

ગાંધીનગર માટે
આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી
ફક્ત ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. : ૯૭૧૪૧૯૮૩૬૬



પક્ષી પરબ - સંવેદનશીલ સમાજ રચનાનું પ્રાથમિક પગથિયું છે... અબોલ પશુ-પક્ષીઓની જરૂરિયાતને સમજી સમયસર પગલા ઉઠાવતો સમાજ... આજકાલ અબોલ પક્ષીઓ માટે જાગૃતિ આવી છે... અને ઠેર ઠેર પાણી અને ચણ માટે વ્યવસ્થા કરાઈ રહી છે તે આવકારદાયક છે...

# રાજ્યને ટૂંકમાં ફાટક મુક્ત બનાવવા માટેનું લક્ષ્યાંક છે

## ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રના વિકાસ માટે જંગી ફાળવણી : રાજ્યના કોન્ટ્રાકટરોને નીતિન પટેલ, કેન્દ્રના રાજ્યકક્ષાના મંત્રી મનસુખ માંડવીયાના હસ્તે એવોર્ડ એનાયત કરાયા

અમદાવાદ,તા.૨૩

ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસીએશન (જીસીએ) દ્વારા ગુજરાત યુનિવર્સિટી કન્વેનશન અને એક્ઝીબીશન સેન્ટર ખાતે આયોજીત વાયબ્રન્ટ સમિટ, મશીનરી એક્ઝીબીશન એન્ડ એવોર્ડસ- ૨૦૧૯ના ભવ્ય સમારંભમાં આજે રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ અને ભારત સરકારના રાજ્ય કક્ષાના મંત્રી શ્રી મનસુખ માંડવીયા (શીપીંગ(સ્વતંત્ર હવાલો) - રસાયણો અને ખાતર)ના હસ્તે કુલ સાત કેટેગરીમાં ૨૮ એવોર્ડસ અને બે અન્ય એમ કુલ ૩૦ એવોર્ડસ એનાયત કરવામાં આવ્યા હતાં. આ પ્રસંગે જીસીએ દ્વારા નિર્મિત કોફી ટેબલ બુક નિર્માણ - ધ રાઈસ ઓફ ગુજરાતનુ વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનું લક્ષ્ય છે કે, આગામી સમયમાં સમગ્ર ગુજરાત રાજ્યને ફાટક મુક્ત બનાવવું. જે અંતર્ગત રાજ્યમાં જ્યાં પણ ફાટકો છે તેની ઊંચાઈ બને એટલી ઊંચી રાખવી અને ફાટક મુકત સ્થિતિનું નિર્માણ કરવાના અસરકારક પ્રયાસો હાથ ધરાશે. તો, રાજ્યના તમામ પ્રવાસન સ્થળો અને ધાર્મિક સ્થળો દ્વારકા, સોમનાથ, પાવાગઢ, ડાકોરને સ્પર્શતા તમામ હાઈવે ફોરલેન બનાવવાનું લક્ષ્યાંક છે. જેનું કાર્ય પૂરજોશમાં ચાલુ છે. આગામી એક વર્ષમાં ભારત સરકારના સહયોગથી આ લક્ષ્ય પ્રાપ્ત કરવામાં આવશે. રાજ્ય સરકારના માર્ગ મકાન વિભાગ દ્વારા ૮૦૦૦ કરોડનું બજેટ ઈન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્રે ફાળવવામાં આવ્યું છે.

આજના પ્રસંગે શ્રી નીતિનભાઈ પટેલે ગુજરાત કોન્ટ્રાક્ટર્સ એસો. દ્વારા આયોજિત મશીનરી એક્ઝીબીશનને ખૂબ જ વખાણ્યું હતું.




ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com